GJVD020404932019

–:: આંક–૧ હેઠળ હુકમ ::–

ચેરમેનશ્રી, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ વ. મુખ્ય જીલ્લા ન્યાયાધીશ સાહેબ શ્રીની કચેરીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

ફરીયાદીશ્રી ધ્વારા આ કામે આંક–૧ થી રજુ ખાનગી ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટ, ૧૮૮૨ ની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબ તા. ૧૮–૧૦–૨૦૧૯ ના રોજ દાખલ કરેલ છે. ત્યારબાદ આ કામના આરોપી સામે ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ ગુનાનું પ્રોસેસ કાઢવા હુકમ કરવામાં આવેલ છે. વધુમાં આ કામે આંક–૧ ની ફરીયાદમાં જણાવેલ સરનામે તેમજ ત્યારબાદ ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ સરનામે આરોપી ઉપર અવાર નવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરતા આરોપી આંક–૧ ની ફરીયાદમાં જણાવેલ સરનામે/ તેમજ ત્યારબાદ રજુ કરેલ સરનામે મળી ન આવતા સમન્સ/વોરંટ બીનબજે પરત ફરેલ છે.

વધુમાં રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતા, અત્રેની અદાલત ધ્વારા આરોપી ઉપર પ્રોસેસની બજવણી કરવા ફરીયાદપક્ષને પુરતો અને વ્યાજબી સમય આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષ ઘણા લાંબા સમયથી આરોપીને પ્રોસેસની બજવણી કરાવવામાં નિષ્ફળ રહેલ છે. વધુમાં અત્રેની અદાલતમાં રહેલ કામગીરીનું ભારણ ધ્યાનેલેતા, આવા ડેડ વુડ કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા. ૧૮/૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ. ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કીસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદીને ડીસમીસ ફોહ ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનુ ઠરાવેલ છે.

દિપેશભાઈ વાલજીભાઈ પટેલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં. ૬૯૬/૨૦૨૩ ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ના.ગુજરાત રાજયની વડી અદાલતે હાલમાં તાજેતરમાં તા. ૩/૫/૨૦૨૩ ના રોજના હુકમમાં ઠરાવેલ છે કે, નેશનલ લોક અદાલતના દીને યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં મેજીસ્ટ્રેટ ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબના કેસ હાથ પર લઈ તેનો નિકાલ કરી શકે છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આરોપીને પ્રોસેસની બજવણી સબંધે તેમજ ફરીયાદીની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા સબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરાયેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયીક નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**:: આખરી હુકમ ::**

ફરીયાદીની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૯/૯/૨૦૨૩ ના રોજ સ્પેસીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ :– વડોદરા

**(બી.આર.વાઘેલા)**
૦૭માં એડી.ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
વડોદરા.
**કોડ નં. જી.જે. ૦૦૯૯૩**